**બોટાદના મહે.ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટશ્રીની કોર્ટમાં, મુ.બોટાદ**

ફોજદારી કેસ નંબર :– ૨૭૨૧/૨૦૨૩

**આંક ૧ લગત હુકમ**

**ગુન્હો :– એમ.વી.એકટ કલમ – ૧૮૫ તથા પ્રોહી.ની કલમ – ૬૬(૧)(બી) મુજબ**

**** ચુકાદો ****

૧. ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનો આરોપીએ મોજે બોટાદ ખાતે ગે.કા.વગર પાસ પરમીટે કેફી પીણુ પીધેલ હાલતમાં પોતાના કબજા ભોગવટાનું વાહન ચલાવી મળી આવી, તમો આરોપીએ એમ.વી. એક્ટ કલમ – ૧૮૫ તથા પ્રોહી.ની કલમ – ૬૬(૧)(બી) મુજબનો ગુનો કરેલ છે.

૨. આરોપીએ અદાલત સમક્ષ હાજર થતા તેમને પોલીસ પેપર્સની નકલ આપી ત્યારબાદ આરોપીએ ગુના કબુલાતની પુરશીશ સ્વેચ્છાએ રજુ કરતાં આરોપીની પ્લી લઇ તેને પુછતા આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે આરોપીએ કરેલી કબુલાતએ કોઇના દાબ, દબાણ વિના સ્વખુશીએ કરેલ હોય તે નહિ માનવા માટે મને કોઇ કારણ જણાતુ નથી. આરોપીને સજા અંગે પુછતા જણાવેલ છે કે આરોપીનો પ્રથમ ગુનો છે. ગુના બદલ અફસોસ વ્યક્ત કરી દયાની માંગણી કરે છે. ઉપરોક્ત સંજોગો, ગુનાની હકિકત અને સજાની જોગવાઇ જોતા આરોપી દ્વારા અદાલત સમક્ષ કબુલાત ધ્યાને લેતાં નામદાર ગુજરાત વડી અદાલતે ૨૦૦૫(૧) જી.એલ.આર. ૭૦૯, નટવરચંદ્ર હિરાચંદ ઠાકોર વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતનાં કેસમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતાં. તેમજ આજરોજ નામદાર ડિસ્ટ્રીકટ કોર્ટ, બોટાદ દ્વારા નેશનલ લોક અદાલતનું આયોજનનાં ભાગરુપે મેજીસ્ટ્રેટીયલ કોર્ટમાં કબુલાત પાત્ર થાય તેવા કેસોના નિકાલ માટે સ્પેશીયલ સીટીગનું આયોજન કરેલ હોઇ ન્યાયનાં

હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## ** હુકમ **

આ કામના આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ – ૨૫૨ હેઠળ એમ.વી. એક્ટ કલમ – ૧૮૫ તથા પ્રોહી.ની કલમ – ૬૬(૧)(બી) મુજબના ગુના માટે આરોપીને તકસીરવાન ઠરાવવામાં આવે છે. આરોપીને રુ. ૧,૩૦૦/– ( અંકે રુ.એક હજાર ત્રણસો પુરા ) પુરાનો દંડ, જો દંડ ન ભરે તો દિન – ૦૫ ની સાદિ કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

મુદ્દામાલ વાહનનો વચગાળાનો હુકમ થયેલ ન હોય તો તે મુદ્દામાલ વાહન ને ખરાઈ કરી મુદ્દામાલ વાહન પરત સોંપવો.

હુકમ આજ રોજ તા.૦૯ માહે સપ્ટેમ્બર સને ૨૦૨૩ ના રોજ વાંચી,સંભળાવી નેશનલ લોક અદાલતમાં જાહેર કર્યો.

તા.૦૯/૦૯/૨૦૨૩
સ્થળ :– બોટાદ

**( આઈ.કે. જાંગડ )**
**ચીફ જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ**
**બોટાદ**
**કોડ નં. જીજે ૦૦૮૬૭**

**દંડની રકમ રૂ. ૧૩૦૦ X ૧ ( આરોપી ) = ૧૩૦૦/– ( અંકે રૂ. એક હજાર ત્રણસો પુરા) પહોચ નંબર – .................. દ્રારા વસુલ લીધા.**

**આજ તા.૦૯/૦૯/૨૦૨૩**

**નાઝર**
**ચીફ જ્યુડિ.મેજીસ્ટ્રેટ કોર્ટ,**
**બોટાદ**